આવ્યા તારીખ: ૨૮/૦૧/૨૦૨૩
દાખલ તારીખ: ૨૮/૦૧/૨૦૨૩
નિકાલ તારીખ: ૧૬/૦૪/૨૦૨૬
અવધિ: વર્ષ ૦૩ માસ.૨ દિવસ.૧૮

**<u>મહે. કડાણા ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં., મુ. દિવડા કોલોની જી.મહીસાગર</u>**

<u>ફોજદારી કેસ ન: ૨૨૬/૨૦૨૩</u>
આંક–૬૧

**<u>ફરિયાદી:</u>** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**<u>આરોપી</u> :** **(૧) હેમાંગભાઈ અંબાલાલ પંચાલ, ઉ.વ. ૪૮**
**રહે. ગાબટ, તા.બાયડ, જી.અરવલ્લી**
**(૨) કાંતીભાઈ ભેમાભાઈ ડામોર, ઉ.વ. ૨૨**
**(૩) પર્વતભાઈ ઉર્ફે બાઠીયો રામાભાઈ ડામોર, ઉ.વ. પુખ્ત**
**બંને રહે. ડીટવાસ, તા.કડાણા, જી.મહીસાગર**

**<u>ગુનો:</u>** **<u>ગુજરાત પ્રોહી એકટની કલમ ૬૫ એ.એ.,૯૮(૨),૮૧ મુજબ.</u>**

| |
|---|
| સરકાર તરફે............વિ. એ.પી.પી.શ્રી વી.આર.પંડયા<br>આરોપી તરફે...........વિ.વ.શ્રી જી.ડી.પારગી |

**–: <u>ઠ રા વ</u> :–**

(૧).. ***ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે,***

આ કામના આરોપીઓએ તા. ૧૩–૧૧–૨૨ ના રોજ ક.૧૩/૧૫

વાગ્યે મોજે મછારના વાંટા ગામે આરોપીઓ એકટીવા ચલાવનાર હેમાંગભાઈ અંબાલાલ પંચાલ તથા પાછળ બેસેલ કાંતીભાઈ ભેમાભાઈ ડામોર નાઓએ પોતાના કબજા ભોગવટાની એકટીવા  ઉપર પ્રાહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારુ ઓફીસર ચોસ ના કાચના કવાટરીયા કુલ નં. ૯૬ જેની કુલ કિં.રૂ. ૧૦,૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ,મોબાઈલ ફોન નં-ર જેની કિં.રૂ. ૩૫૦૦/- તથા એકટીવાની કિં.રૂ. ૨૫૦૦૦/- મળી કુલ કિં.રૂ. ૩૮૫૮૦/- નો મુદ્દામાલ રાખી પકડાઈ જઈ  ધી ગુજરાત પ્રોહી એકટની કલમ ૬૫એએ,૯૮(ર), ૮૧ મુજબનું ચાર્જશીટ સદર કોર્ટમાં કરેલ.

**(ર)..** આ કામના ત.ક. અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરતાં આરોપીને હાજર રહેવા સારૂ સમન્સ કાઢવામાં આવતા, આરોપી ને સમન્સ બજતાં,આરોપી નામ.કોર્ટમાં હાજર રહેલ અને ત્યારબાદ આરોપી ને ક્રી.પ્રો.કોડની કલમ : ૨૦૭ મુજબ વિના મૂલ્યે મળવાપાત્ર તપાસના કાગળોની નકલ આપવામાં આવેલી. ત્યારબાદ  આંક:૩૨ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ઘડી  આંક: ૩૩ થી ૩૫ થી પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં, સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ફરીયાદ પક્ષ તરફે આગળ ચલાવવામાં આવેલી.

**(૩)..**આ કામમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક  તથા દસ્તાવેજી પુરાવા ::-</u>**

(૧) આંક : ૩૯ થી ફરીયાદી નરેન્દ્રકુમાર અમીરભાઈ ખાંટની જુબાની

(ર) આંક : ૪૦ થી ફરીયાદ

(૩) આંક-૪૧ થી પંચ સાહેદ રત્નાભાઈ લક્ષ્મણભાઈ ડામોરની જુબાની

(૪) આંક–૪૨ થી મુદૃામાલ પ્રાહી રીકવરીનુ પંચનામુ

(૫) આંક–૪૩ થી પંચ સાહેદ શનાભા મંગળાભાઈ વાગડીયાની જુબાની

(૬) આંક– ૫૨ થી પો.સા. કલ્પેશકુમાર અરવિંદભાઈ ની જુબાની

(૭) આંક–૫૬ થી.પો.સા.ત.અ.રણછોડભાઈ ધીરાભાઈ ની જુબાની

**(૪)..** ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયા પછી આરોપી તરફે આરોપીનું ભારતીય ક્રી.પ્ર ો.કોડ ની કલમ: ૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવામા આવેલ છે જેમા આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાઓનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે અને ત્યારબાદ ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

**(૫)..** ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુ દૃા :–</u>**

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૩–૧૧–૨૨ ના રોજ ક.૧૩/૧૫ વાગ્યે મોજે મછારના વાંટા ગામે આરોપીઓ એકટીવા ચલાવનાર હેમાંગભાઈ અં બાલાલ પંચાલ તથા પાછળ બેસેલ કાંતીભાઈ ભેમાભાઈ ડામોર નાઓએ પોતાના કબજા ભોગવટાની એકટીવા ઉપર પ્રાહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારુ ઓફીસર ચોસ ના કાચના કવાટરીયા કુલ નં. ૯૬ જેની કુલ કિં.રૂ. ૧૦,૦૦૦/– નો પ્રોહી મુદૃામાલ,મોબાઈલ ફોન નં–૨ જેની કિં .રૂ. ૩૫૦૦/– તથા એકટીવાની કિં.રૂ. ૨૫૦૦૦/– મળી કુલ કિં.રૂ. ૩૮૫૮૦/– નો મુદૃામાલ રાખી પકડાઈ જઈ આરોપીએ ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ:૬૫એએ, ૯૮(૨),૮૧, ૧૧૬(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો સદર કોર્ટની હકુમતમાં કરેલ છે ?

:૨: શું હુકમ ?

(૫).. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**-: નિ ર્ણ યો :-**

**:૧: મુદ્દા નંબર : ૦૧ નકારમાં.**

:ર: મુદ્દા નંબર : ૦ર આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો : -**

**મુદ્દા નં. ૧ :-**

(૬).. ફરીયાદપક્ષે આંક-૩૯ થી ફરીયાદી નરેન્દ્રકુમાર અમીરભાઈ ખાંટ નાઓને તપાસવામા આવેલ છે જેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે તેઓ તારીખ ૧૩/૧૧/૨૦૨૨ના રોજ કડાણા પોલીસ મથકે ફરજ બજાવતા હતા અને તે દિવસે તેઓ તથા અ.હે.કો. રણછોડભાઈ વિગેરે સ્ટેશનના માણસો પેટ્રોલીંગમા હતા દરમિયાન તેમને મળેલ બાતમીના આધારે પંચના માણસો બોલાવી સમજ કરી મછારના આટા ગામે ત્રણ રસ્તે વોચમા હતા તે દરમિયાન એક ઈસમ એકટીવા પર પોટલુ વચ્ચે મુકી પાછળ બીજા ઈસમને બેસાડી આવતો હતો પોલીસને જોઈને ભાગવા લાગેલ તથા તેનો પીછો કરી પકડી પાડી પંચો રુબરુ નામઠામ પુછતા હેમાંગ અંબાલાલ પંચાલ હોવાનુ જણાવેલ અને પોટલામા તપાસ કરતા વ્હીસ્કી બ્રાંડની કંપની પેક ભરેલ ૧૮૦ એમ.એલ ની બોટલ નંગ ૯૬ મળી આવેલ જેનુ સ્થળે વાહન સહીતનુ વિગતવાર પંચનામુ કરી કબજે લીધેલ તથા બીજા ઈસમ કાંતિભાઈ ભેમાભાઈ ડામોર હોય તેનુ પણ પંચનામુ કરેલ અને આરોપી વિરુધ્ધ કાયદેસર થવા તેમણે ફરીયાદ આપેલ તેમ જણાવી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક-૪૦ થી રજુ રાખી આરોપીને ઓળખતા હોવાનુ જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં તેમની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ ન હોવાની તથા તેઓ ફરજ પર હતા તેવો કોઈ આધાર પુરાવો પણ રજુ રાખેલ ન હોવાની તથા બનાવ વાળી જગ્યાએ વાહનો તથા માણસોની સતત અવર જવર હોવાની તથા તેમની કરીયાદમા કહેવાતા મુદામાલનો લોટ નંબર લખાવેલ ન હોવાની તથા તેઓ શીલ માટેના જરૂરી ઉપકરણો સાથે રાખતા ન

હોવાની હકીકત કબુલ રાખેલ છે જયારે આવો કોઈ મુદ્ધામાલ મળેલ ના હોય તેમ છતા આરોપી ઉપર ખોટી રીતે ચઢાવી ખોટી ફરીયાદ કરેલ હોવાની હકીકતનો ઇન્કાર કરેલ છે.

આમ, સદર સાહેદ પોલીસ સાહેદ છે અને જેથી સ્વભાવિક છે કે તેમની કામગીરીને કાર્ટ સમક્ષની જુબાનીમા સમર્થન આપવા પ્રયત્ન કરે તેમ છતા અન્ય સમર્થનકારી પુરાવા વિના માત્ર તેમની જુબાની આધારે આરોપી વિરુધ્ધ નુ તહોમત પુરવાર માની શકાય નહી.

(૭) આ કામે આંક–૪૧ થી પંચ સાહેદ રત્નાભાઈ લક્ષ્મણભા ડામોર ને તથા આંક–૪૩ થી પંચ સાહેદ શનાભાઈ મંગળાભાઈ વાગડીયાનાઓને તપાસવામા આવેલ છે જેઓ મુદ્દામાલ પ્રોહી રીકવરી ના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી પંચનામુ આંક–૪૨ થી રજુ રાખેલ છે.

સદર પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થનકારી જુબાની આપતા ન હોઈ વિ.એ.પી.પી. શ્રી નાઓએ તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષ ને મદદ્રુપ થાય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી.

સદર પંચ સાહેદોની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા તેમણે એક લખેલ કાગળમા સહી કરેલ તે સિવાય કઈ જાણતા ન હોવાની અને બીજા પંચે પણ તેમની હાજરીમા સહી કરેલાની હકીકત કબુલ રાખેલ છે.

આમ, આંક–૪૨ નુ પંચનામુ પંચ સાહેદોની જુબાની થી પુરવાર માની શકાય તેમ નથી.

(૮) આ કામે આંક–૫૨ થી સાહેદ કલ્પેશકુમાર અરવિંદભાઈ નાઓને તપાસવામા આવેલ છે જેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે તેઓ તા.૧૩/૧૧/૨૨ ના રોજ કડાણા પો.સ્ટેમા ફરજ બજાવતો હતો અને તે દિવસે અ.હે.કો રણછોડભાઈ

સાથે ખાનગી વાહનમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન મળેલ બાતમીના આધારે નજીકમાથી બે પંચો બોલાવી સમજ કરી મછારના આંટા ત્રણ રસ્તા પર વોચમા હતા દરમ્યાન અમથાણી બાજુથી એક એકટીવા બે વ્યકિત અને પોટલા સાથે આવેલ અને પોલીસ જોઈ એકટીવા પાછી વાળી ભાગવા જતા તેનો પીછો કરી પકડી પાડેલ,પકડાયેલ ચાલકનુ નામ પુછતા હેમાંગભા અંબાલાલ પંચાલ તથા પાછળ બેઠેલ કાંતીભાઈ ભેમાભાઈ ડામોર હોવાનુ જણાવેલ અને તેમની પાસેના પોટલામા તપાસ કરતા પુંઠાની પેટીમા નંગ.૨ મળેલી જેમા વ્હીસ્કી બાન્ડના ૧૮૦ એમ.એલ કંપની પેક ભરેલ કવાટર નંગ.૯૬ મળી આવેલા જેનુ સ્થળે વિગતવારનુ પંચનામુ કરી સેમ્પલ વિગેરેની કાર્યવાહી કરી કબજે લીધેલ અને આરોપી વિરુદ્ધ કાયદેસર થવા નરેન્દ્રભાઈએ ફરીયાદ આપેલ અને પોતે રેડમા સામેલ હોય ત.ક.અ એ તેમનો જવાબ લીધેલ તેમ જણાવી આરોપીને ઓળખતા હોવાનુ જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓએ પેટ્રોલીંગમા ગયા સબંધે કોઈ સ્ટેશન ડાયરી ની નોંધ રજુ કરેલ ન હોવાની તથા પ્રાથમીક પંચનામુ કર્યાનુ બનેલ ન હોવાની તથા તેમણે કોઈ સ્પેશ્યલ કામગીરી કરેલ ન હોવાની તથા બનાવ વાળી જગ્યા એ ત્રણ રસ્તા પડતા હોવાની તેમજ બનાવ વાળી જગ્યા એ સતત માણસોની અવરજવર રહેતી હોવાની તથા રણછોડભાઈ ધીરાભાઈ ત.ક.અ. હતા અને તેમના સમર્થનમા ખોટી જુબાની આપતા હોવાની હકીકત કબુલ રાખેલ છે.

આમ, સદર સાહેદ પોલીસ સાહેદ છે અને જેથી સ્વભાવિક છે કે તેમની કામગીરીને કાર્ટ સમક્ષની જુબાનીમા સમર્થન આપવા પ્રયત્ન કરે તેમ છતા અન્ય સમર્થનકારી પુરાવા વિના માત્ર તેમની જુબાની આધારે આરોપી વિરુધ્ધ નુ તહોમત પુરવાર માની શકાય નહી.

(૯) આ કામે આંક–૫૬ થી પો.સા. ત.ક.અ. રણછોડભાઈ ધીરાભાઈનાઓને તપાસવામા આવેલ છેજેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તેઓ તા.૧૩/૧૧/૨૨ ના રોજ કડાણા પો.સ્ટેમા ફરજ બજાવતો હતા અને

તે દિવસે તેઓ તથા કલ્પેશભાઈ તથા નરેન્દ્રભાઈ સાથે ખાનગી વાહનમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન મળેલ બાતમીના આધારે નજીકમાથી બે પંચો બોલાવી સમજ કરી મછારના આંટા ત્રણ રસ્તા પર વોચમા હતા દરમ્યાન અમથાણી બાજુથી એક એકટીવા બે વ્યકિત અને પોટલા સાથે આવેલ અને પોલીસ જોઈ એકટીવા પાછી વાળી ભાગવા જતા તેનો પીછો કરી પકડી પાડેલ, પકડાયેલ ચાલકનુ નામ પુછતા હેમાંગભા અંબાલાલ પંચાલ તથા પાછળ બેઠેલ કાંતીભાઈ ભેમાભાઈ ડામોર હોવાનુ જણાવેલ અને તેમની પાસેના પોટલામા તપાસ કરતા પુંઠાની પેટીમા નંગ.૨ મળેલી જેમા વ્હીસ્કી બાન્ડના ૧૮૦ એમ.એલ કંપની પેક ભરેલ કવાટર નંગ.૯૬ મળી આવેલા જેનુ સ્થળ વિગતવારનુ પંચનામુ કરી સેમ્પલ વિગેરેની કાર્યવાહી કરી કબજે લીધેલ અને આરોપી વિરુધ્ધ કાયદેસર થવા નરેન્દ્રભાઈએ ફરીયાદ આપેલ ત્યારબાદ સદર ગુનાની તપાસ તેમના તરફ આવતા તેમણે લાગતા વળગતા સાહેદોના નીવેદનો મેળવેલ તથા આરોપી અંગે જરૂરી કાર્યવાહી કરી નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ તથા સદર મુદદામાલ પૃથ્થકરણ સારુ એફ.એસ.એલમા મોકલેલ તેમ જણાવી તેની રવાનગી નોધ આંક–૫૭ થી રજુ રાખી આરોપીને ઓળખતા હોવાનુ જણાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કહેવાતા બનાવ ના દિવસે તેઓ પેટ્રોલીંગમા ગયા તે સબંધે કોઈ દસ્તાવેજી પુરાવો ચાર્જશીટમા સામેલ રાખેલ ન હોવાની તથા કહેવાતા બનાવ વાળી જગ્યા લોકોના અવરજવર વાળી જગ્યા હોવાની તથા એફ.એસ.એલ.નો કોઈ રીપોર્ટ કામમા સામેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે જયારે કામગીરી બતાવવા ખોટો કેસ કરી ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે.

આમ, સદર સાહેદ પણ પોલીસ સાહેદ છે અને જેથી સ્વભાવિક છે કે તેમની કામગીરીને કાર્ટ સમક્ષની જુબાનીમા સમર્થન આપવા પ્રયત્ન કરે તેમ છતા અન્ય સમર્થનકારી પુરાવા વિના માત્ર તેમની જુબાની આધારે આરોપી વિરુધ્ધ નુ તહોમત પુરવાર માની શકાય નહી.

**(૧૦)..** આમ, ફરીયાદપક્ષના કેસની હકીકતે મુદ્દામાલ જાહેર રોડ ઉપરથી આરોપી એકટીવા ગાડી પરથી મળી આવેલાનો ફરીયાદપક્ષનો કેસ છે જેથી સ્વભાવિક છે કે જાહેર રોડ હોય તો આજુબાજુ સ્વતંત્ર સાહેદો મળી રહે પરંતુ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ હોય તેમ રેકર્ડ પર થી જણાઈ આવતુ નથી. વળી, આ કામના એક માત્ર સાહેદ ગણી શકાય તેવા પંચ સાહેદો પણ પંચનામાની હકીકતે આરોપીના કબજા માથી મુદ્દામાલ કબજે કરેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. ઉલટાનુ તેઓ પોલીસે તેમની તૈયાર કાગળમા સહી કરાવેલાની હકીકત જણાવે છે. આમ, પોલીસની કામગીરીની હકીકતને કોર્ટ સમક્ષની જુબાનીમા પંચ સાહેદો લેશમાત્ર સમર્થન આપતા નથી જેથી પોલીસની કામગીરી શંકાશીલ બને છે.

**(૧૧)..** આમ, આ કામમાં રજુ થયેલ સમગ્ર પુરાવાઓની હકીકત ધ્યાનમાં લેતા , સદરહું કામેના આરોપીઓએ ધી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ – ૬૫એએ, ૯૮(૨), ૮૧ મુજબનો ગુન્હો આચરેલ છે તે હકીકત માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી. આમ, આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતો, રજુ પંચનામું તથા ફરીયાદ હકીકતને લેશમાત્ર પણ સમર્થન પ્રાપ્ત થયેલ ન હોઈ તેમજ પોલીસ સાહેદે જણાવેલી હકીકતો પુરવાર થતી ન હોઈ આરોપીઓને તેમની સામેના ગુનાના કામે તકસીરવાન ઠરાવવા પાત્ર જણાઈ આવતુ નથી.

**(૧૨)..** સમગ્રપણે, ફરીયાદપક્ષ આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ મુદા નં.૧ નો નિર્ણય 'નકારમાં' ઠરાવી મુદા નં .૨ પરત્વે નીચે મુજબનો 'આખરી હુકમ' ફરમાવુ છુ.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

– આ કામેના આરોપી **(૧) હેમાંગભાઈ અંબાલાલ પંચાલ, ઉ.વ. ૪૮ રહે. ગાબટ, તા.બાયડ, જી.અરવલ્લી (૨) કાંતીભાઈ ભેમાભાઈ ડામોર, ઉ.વ. ૨૨ (૩) પર્વતભાઈ ઉર્ફે બાઠીયો રામાભાઈ ડામોર, ઉ.વ. પુખ્ત બંને રહે. ડીટવાસ, તા.કડાણા, જી.મહીસાગર** નાઓને ક્રી.પ્રો.કોડ ની કલમ–૨૪૮(૧) મુજબ ધી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ:૬૫એએ, ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હામાં થી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે કબજે લેવામાં આવેલ પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– આ કામે કબજે લેવામા આવેલ મુદ્દામાલ મોબાઈલ નંગ–૧ તથા મુદ્દામાલ મો.સા. એકટીવા નંગ–૧ બાબતે અગાઉ વચગાળાનો કોઈ હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ ગણવો અગર અપીલ સમય વિત્યે થી તેના માલીક/કબજેદાર ની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

– આરોપીએ ક્રી.પ્રો.કોડ ની કલમ ૪૩૭(૧) અન્વયેના જામીન રજુ કરવા.

હુકમ આજ રોજ તા. ૧૬ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી અને સહી કરીને જાહેર કર્યો.

(જીગ્નેશકુમાર ભીખાભાઈ પુરોહીત)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,ફ.ક.
કડાણા,જી.મહીસાગર
જજ કોડ નં.જીજે ૦૧૧૮૫

સ્થળ :– દિવડા કોલોની.

//સેલ્ફ//